ઔષધ બાગ અને વૃક્ષારોપણ દ્વારા

જન આરોગ્ય તેમજ પર્યાવરણ સંરક્ષણની કામગીરી હાથ ધરાઈ

ચિલોડા, તા. ૨૭

જનસમૂહની રોગપ્રતિકારગ શક્તિમાં વધારો થાય, શુદ્ધ હવા, મળી રહે, પક્ષીઓનાં આશ્રય સ્થાનો ટકી રહે, પર્યાવરણની જૈવિક વિવિધતાનું ચક્ર જળવાઈ રહે તે સાંપ્રત સમયની કરવા જેવી મહત્ત્વની પ્રવૃત્તિ છે. આ પ્રવૃત્તિ ગૂજરાત વિદ્યાપીઠ શતાબ્દી વર્ષ ઊજવણી પ્રસંગે મહાદેવ દેસાઈ ગ્રામસેવા સંકુલ - સાદરામાં ઔષધ બાગ બનાવી વૃક્ષારોપણ કરી જન આરોગ્ય સચવાય, રોગ પ્રતિકારક શક્તિ વધે તે માટે ઔષધ ભાગમાં અરડૂસી, નગોડ, અર્જુન, કડવો લીમડો, મીઠો લીમડો, એલોવીરા, તુલસી, ગળો, ગોખરું, આમળાં, હરડે, બાપચી, આકડો, મેંદી, કેશૂડો, લીંબુનો ઉછેર કરી સંકુલના છાત્ર નિવાસી ૫૦૦ વિદ્યાર્થીઓ, સેવક નિવાસી ૧૧૦ પરિવાર સભ્યો અને સેવા બજાવતા ૮૦ સેવકોના સ્વાસ્થ્યની જાળવણી આ ઓષધ બાગની જુદી જુદી વનસ્પતિના ઉપયોગ દ્વારા કરવામાં આવી રહી છે. માનવ જીવનના સામાન્ય રોગો જેવા કે શરદી, ખાંસી, તાવ, પેટમાં દુઃખાવો, ઝાડા-ઉલટી, ખસ, ખરજવું, ગૂમડાં, ઢીંચણનો દુઃખાવો, કમર દર્દ મટાડવા તેમજ કોરોના વાયરસને હરાવવા ઊકાળો બનાવવાનો ઉપયોગ કરવામાં આવે છે.

શુદ્ધ હવા અને પક્ષીઓના આશ્રયસ્થાન, પક્ષીઓના ખોરાક માટે મોટા ઘટાદાર તેમજ ફળાઉ વૃક્ષો જેવા કે, વડ, આમલી, લીમડો, પીપળો, અર્જુન, આસોપાલવ, અરીઠા, આંબા, શેતૂર, સીતાફળ, જામફળ, આમળાં, રેઈન ટ્રી, પેલ્ટા ફાર્મ, ગુલમહોર, ગરમાળો જેવા વૃક્ષોનું વાવેતર તેમજ ઉછેર કરવામાં આવી રહ્યો છે. જેની નોંધ લેવાઈ ભારત સરકારની નોડલ એજન્સી ગીર ફાઉન્ડેશનએ મહાદેવદેસાઈ ગ્રામસેવા સંકુલ- સાદરાને ઈકો ફ્રેન્ડલી સંકુલ તરીકે માન્યતા આપી ગાંધી સૃષ્ટિ સંકુલથી નવાજવામાં આવ્યું છે. જેમાં બીએ, એમએ, એમફિલ, પી એચડી, વિદ્યા શાખા તેમજ શારીરિક શિક્ષણ રમત વિજ્ઞાન વિદ્યાશાખાના રાષ્ટ્રીય સેવાયોજના એકમના પ્રોગ્રામ ઓફિસર ડૉ. મોતી દેવું, ડૉ. દિવ્યેશ ભટ્ટ, ડૉ. નિરજ સિલાવટ અને સ્વયંસેવકોની જહેમત મહત્ત્વની રહી. બંને વિદ્યાશાખાના સંયોજક પ્રા. રમેશભાઈ મ. પટેલ, ડીન. ડૉ. પ્રભુલાલ કાસુન્દ્રાના માર્ગદર્શન દ્વારા ઔષધબાગ, વૃક્ષારોપણ અને પર્યાવરણ સંરક્ષણોની કામગીરીને વેગ પકડ્યો હતો.

જે એમ ચૌધરી પ્રાથમિક વિદ્યાલય દ્વારા ઓનલાઈન જન્માષ્ટમીની ઉજવણી

ગાંધીનગર તા. ૨૭

કોરોના મહામારીને કારણે બાળકો શાળામાં આવી શકતા નથી. તેમને ટેકનોલોજીના માધ્યમથી ભણાવવામાં આવે છે. શાળાની ઈત્તર પ્રવૃતિઓ પણ બાળકો ઘરે જ કરતા રહે છે. આવો જ એક જન્માષ્ટમીનો ઉત્સવ બાળકોએ ઘરે રહીને ઉજવ્યો હતો. શ્રીમતી રમીલાબેન વી ચૌધરીના માર્ગદર્શન હેઠળ બાળકોએ આ ઉત્સવ ખૂબ જ ઉત્સાહથી ઉજવી એના ફોટો સ્કૂલમાં મોકલ્યા હતા. આચાર્યા બેન તથા સુપરવાઈઝરે જન્માષ્ટમીનું મહત્ત્વ બાળકોને સમજાવવા શિક્ષકશ્રીઓને સૂચન કર્યું હતું.

બાળકોએ કનૈયાની વેશભૂષામાં બાળલીલા કરી આ ઉત્સવની ઉજવણી ઉત્સાહભેર કરી સર્વે બાળકોને શાળા પરિવાર તરફથી ખૂબ ખૂબ અભિનંદન પાઠવ્યા હતા.

ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી દ્વારા ઉચ્ચ શિક્ષણમાં 'નવા આયામોનું માપન' અંગે નેશનલ વેબિનાર યોજાયો

ગાંધીનગર, તા. ૨૭

ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી, ગાંધીનગર દ્વારા "NEP: ૨૦૨૦, ઉચ્ચ શિક્ષણમાં નવા આયામોનું માપન" વિષય પર રાષ્ટ્રીય વેબિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ વેબિનારમાં ગુજરાતના માનનીય શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી, ગાંધીનગરના કુલપતિ શ્રી હર્ષદભાઈ પ્ર. શાહ, જબલપુર-મધ્યપ્રદેશની રાણી દુર્ગાવતી યુનિવર્સિટીના અર્થશાસ્ત્રના પ્રોફેસર એ.ડી.એન. વાજપાઈ તથા મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ઓફ બરોડા-વડોદરાના કોમર્સના પ્રોફેસર શ્રી પ્રજ્ઞેશ શાહે વિસ્તૃત માહિતીપૂર્ણ વક્તવ્ય આપી માર્ગદર્શન કર્યુ હતું.

વેબિનારમાં ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના કુલપતિ હર્ષદભાઈ પ્ર. શાહે વિદ્યાર્થીઓને પીએચડીની ડિગ્રી સુધી અટકી ના જતા સંશોધન ક્ષેત્રે સતત સક્રિય રહી સમાજજીવનને ઉપયોગી નવાનવા સંશોધનો કરતા રહેવું જોઈએ એમ સુચન કર્યુ હતું. મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ઓફ બરોડા-વડોદરાના કોમર્સના પ્રોફેસર પ્રજ્ઞેશ શાહે નવી શિક્ષણ નીતિની પ્રશંસા કરતા કહ્યું હતું કે નવી શિક્ષણ નીતિના કારણે પત્થરમાંથી પાણી કાઢી શકે એવા હોંશિયાર યુવાનો તૈયાર થશે. જબલપુર-મધ્યપ્રદેશની રાણી દુર્ગાવતી યુનિવર્સિટીના અર્થશાસ્ત્રના પ્રોફેસર શ્રી એ.ડી.એન. વાજપાઈએ નવી શિક્ષણનીતિની જરૂરિયાત અને તેની વિશેષતા વિશે વિસ્તૃત માર્ગદર્શન કર્યુ હતું. માનનીય શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ નવી શિક્ષણ નીતિથી દેશ અને સમાજને સારા માણસો મળશે એવી ખુશી વ્યક્ત કરી હતી.

સમગ્ર વેબિનાર ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી, ગાંધીનગરના ડીપાર્ટમેન્ટ ઓફ એક્રેડિટેશન દ્વારા આયોજિત કરવામાં આવ્યો હતો. વેબિનારનું સુદ્રઢ સંચાલન ડીપાર્ટમેન્ટ ઓફ એક્રેડિટેશન વિભાગના અધ્યક્ષ ડૉ. સંજય ગુપ્તાએ કર્યુ હતું. ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી, ગાંધીનગરના ફેસબુક પેજ પર વેબિનારને લાઈવ કરવામાં આવ્યો હતો જેમાં લગભગ પચીસ હજારથી વધુ લોકો સહભાગી બન્યા હતા. આ રાષ્ટ્રીય વેબિનારને www.facebook.com/cugujarat પર કોઈ પણ સમયે નિહાળી શકાશે.

ગણેશ ચતુર્થીના પાવન અવસરે વિઘ્નહર્તા સુખકર્તા ભગવાન શ્રી ગણેશજી ની દર વર્ષની જેમ ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલમાં સ્થાપના તેમજ પૂજા કરી ઓનલાઈન શ્રી ગણેશજીના વિવિધ સ્વરૂપોની તેમજ તેને લગતી વાર્તાઓ દ્વારા પ્રિ-પ્રાઈમરી ના બાળકોને માહિતી આપવામાં આવી હતી. તેમજ ઋતુઓમાં વર્ષાઋતુની જાણકારી સાથે પાણીનું મહત્વ સમજાવવામાં આવ્યું હતું. પ્રિ-પ્રાઈમરી ના નાના-નાના ભૂલકાઓ એ પણ પોતાની કલાકૃતિ દ્વારા આ બંને પ્રવૃતિમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

સ્વામિનારાયણ પોલીટેકનિક દ્વારા ઓનલાઈન થિયરી અને પ્રેક્ટિકલ જ્ઞાન કરાયું

સંસ્થાની રોજ-બરોજની માહિતી વિદ્યાર્થીઓ અને વાલીઓને જાણકારી મળે તે હેતુથી સંસ્થા દ્વારા youtube ના ઓનલાઈન માધ્યમથી "SSP E-News" ઈ-ચેનલનું ઉદ્ઘાટન

ગાંધીનગર, તા. ૨૭

શ્રી સ્વામિનારાયણ પોલિટેકનિક, સેક્ટર ૨૨, ગાંધીનગર ના સ્ટાફ દ્વારા વિદ્યાર્થીઓને કોરોના મહામારીમાં છેલ્લા પાંચ મહિનાથી ઓનલાઈન માધ્યમથી માત્ર થીયરી નહિ, પણ પણ પ્રેક્ટીકલનું જ્ઞાન આપવામાં આવે છે. આ સાથે ઓનલાઈન પરીક્ષા દ્વારા પણ લેવામાં આવી હતી. હાલ હવે જ્યારે કોઈ વિકલ્પ ન દેખાતા વિદ્યાર્થીઓ જ્ઞાનથી વંચિત ના રહે પણ સમયના બદલાવ સાથે પરિવર્તન સ્વીકારી અને તૈયાર થાય તેવા હેતુથી સંસ્થા દ્વારા ઈતર પ્રવૃત્તિ પણ ઓનલાઈન કરવામાં આવે છે. ઓટોમોબાઈલ, મિકેનિકલ અને ઈલેક્ટ્રિકલ ઈજનેરીમાં કેમ્પસ ઈન્ટરવ્યુ પણ ઓનલાઈન લેવાયો અને વિદ્યાર્થીઓનું કેમ્પસ પ્લેસમેન્ટ થયું હતું. સંસ્થાની રોજ-બરોજની માહિતી વિદ્યાર્થીઓ અને વાલીઓને જાણકારી મળે તે હેતુથી સંસ્થા દ્વારા youtube ના ઓનલાઈન માધ્યમથી "SSP E-News" ઈ-ચેનલ નું ઉદ્ઘાટન શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ ગાંધીનગરના મેનેજીંગ ટ્રસ્ટી રામકૃષ્ણ સ્વામી, ટ્રસ્ટી મહાપુરુષસ્વામી, પ્રિન્સીપાલ ધર્મેશ વંડરા તથા ડાયરેક્ટર ભાવિક શાહ નાં હસ્તે કરવામાં આવ્યું હતું. જેમાં એક હજારથી વધુ લોકોએ ઓનલાઈન લાભ લીધો હતો. સ્વામીજીએ સર્વે સ્ટાફનો આભાર માની કહ્યું કે ઓનલાઈન માધ્યમની ચેલેન્જ સ્વીકારી અને વિદ્યાર્થીઓની સમયસર તૈયાર કરવાની આ પહેલ સમાજ માટે એક ઉદાહરણરૂપ છે.

શ્રીસ્વામિનારાયણ ગુરુકુળ હંમેશા વિદ્યાર્થીઓને પ્રતિકૂળ સંજોગોમાં પણ રસ્તો બતાવી, અનુકૂળ બને તેવો સર્વાંગી વિકાસ વર્ષોથી કરતું આવ્યું છે. આ ચેનલ દ્વારા દરરોજ સાંજે ૬:૦૦ વાગે શૈક્ષણિક માહિતી, યુનિવર્સિટીની માહિતી, વિદ્યાર્થી કે સંસ્થા દ્વારા મેળવેલ સિદ્ધિઓ, નવી ટેકનોલોજી જેવી માહિતી ડી-હીજ રૂપે પ્રસારિત કરવામાં આવશે.

જન્મદિને વધામણી

ડૉ. જયંત તટુ
મો. ૯૩૭૬૧ ૩૧૬૮૬

નિલેશ પુરુષોત્તમભાઈ શર્મા
મો. ૯૭૧૪૪ ૭૫૫૨૫

કૌશિકભાઈ બી સુખડીયા
મો. ૯૮૨૫૦ ૪૧૩૪૮

ભગવતી શૈલેન્દ્રસિંહ સોલંકી
મો. ૯૯૧૩૭ ૭૪૨૨૮

હેમેન્દ્ર અ ભટ્ટ
મો. ૯૪૨૮૯ ૧૪૯૪૫

રુદ્રસિંહ સુધીરસિંહ ચાવડા
મો. ૯૭૧૨૭ ૩૪૩૪૦

હંસાબેન પી પરમાર
મો. ૯૪૦૮૪ ૯૧૯૮૮

અલ્પેશ કાનુગા

હિરબા ભાનુસિંહ બિહોલા
મો. ૯૮૨૫૩ ૦૯૧૩૦

રાણા જયવીરસિંહ અશોકસિંહ
મો. ૮૪૦૧૦ ૯૮૩૧૧

સંધ્યા શ્રવણકુમાર મારવાડી
મો. ૯૫૭૪૮ ૨૧૦૭૨

ભગવતીબેન પટેલ
લાયન્સ કલબ ઓફ ગાંધીનગર ફેમીના
મો. ૯૮૨૪૨ ૭૨૮૫૨

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક

સનાતન ધર્મસમ્રાટ, ધર્મધુરંધર ૧૦૦૮ શ્રી મુક્તજીવન સ્વામીબાપાની ૪૧મી પુણ્યતિથિ

શ્રી સ્વામિનારાયણ ગાદીના આધ્ય આચાર્ય પ્રવર, સનાતન ધર્મસમ્રાટ, ધર્મધુરંધર ૧૦૦૮ શ્રી મુક્તજીવન સ્વામીબાપાની ૪૧મી પુણ્ય તિથી નિમિતે શ્રી સ્વામિનારાયણ મંદિર, મણિનગર ખાતે પ્રાથના, ધૂન્ય, આરતી તથા આચાર્ય શ્રી જિતેન્દ્રપ્રિયદાસજી સ્વામીજી મહારાજે તથા મહંત સદગુરુ શ્રી ભગવતપ્રિયદાસજી સ્વામી, સદગુરુ શ્રી સર્વેશ્વરદાસજી સ્વામી, તથા સદગુરુ શ્રી મુનિભુષણદાસજી સ્વામીએ પાદપ્રક્ષાલન પૂજન કર્યું હતું. વધુમાં આચાર્ય સ્વામીજી મહારાજે શ્રી મુક્તજીવન સ્વામીબાપા સ્મૃતિ મંદિર, વિશ્વશાંતિ કેન્દ્ર, ઘોડાસર ખાતે પણ આરતી, પૂજન દર્શન કર્યા હતા.